આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮ | ૩૦ માર્ચ, ૨૦૧૪, રવિવાર; ફાગણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ઇશ્વર એટલે એક એવું વર્તુળ, જેનું કેન્દ્ર સર્વત્ર હોય છે, પણ એનો પરિઘ ક્યાંય હોતો નથી

*- જ્ઞાનસૂત્ર*

# સહયોગ સંકુલ ઝડપી કાર્યાન્વિત કરવા તાકીદ

## જિલ્લા કલેક્ટરે જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓના ઉદાસીન વલણ સામે લાલ આંખ કરી : ૧૮ કચેરીઓમાંથી ૧૦ કચેરીઓએ જ કબ્જો મેળવ્યો છે

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લા કક્ષાની કચેરીઓ માટે નિર્માણ પામેલ 'સહયોગ સંકુલ' ૧લી મે સુધીમાં કાર્યરત થઈ જાય તે જોવા તમામ કચેરીઓને કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાકક્ષાની ૧૮ જેટલી કચેરીઓને આ સંકુલમાં જગ્યાઓ ફાળવવામાં આવી છે. જો કે આ સંકુલમાં ઓફિસો કાર્યરત કરવા માટે ચૂંટણીની આચારસંહિતાનું ગ્રહણ નડી જવા પામ્યું છે. જો કે જિલ્લાની કચેરીઓને તાત્કાલિક ફાળવેલ જગ્યાનો કબ્જો મેળવી અને ઓફિસો ૧લી મે સુધીમાં કાર્યરત બને તે જોવા જિલ્લા કલેક્ટરે તાકીદ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેટલીક કચેરીઓએ ફાળવેલ જગ્યાનો કબ્જો મેળવી લીધો છે. ૮ જેટલી કચેરીઓએ તો હજુ આ કબ્જો મેળવવાની પણ દરકાર કરી નથી. આથી ચોંકી ઉઠેલા જિલ્લા કલેક્ટરે તાજેતરમાં કચેરીઓના વડા સાથે એક બેઠક પણ યોજી હતી અને તાત્કાલિક જગ્યાનો કબ્જો નહિ મેળવે તો બીજી કચેરીઓને તે જગ્યા ફાળવવા અંગે વિચારણા કરાશે તેવી કડક ચીમકી ઉચ્ચારી હતી.

મળતી વિગતો પ્રમાણે કેટલીક કચેરીઓએ આ નવા સંકુલમાં જી.સ્વાનની કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવા માટે રજુઆતો કરી છે. તો કેટલીક કચેરીઓએ નવુ ફર્નિચર ખરીદવાનું બ્હાનુ આગળ કરી હાલ આ મુદ્દાને ટાળવાનો પ્રયાસ કર્યો છે. જો કે જિલ્લા કલેક્ટરની તાકીદ પછી કેટલીક ઓફિસો હરકતમાં આવી છે અને ટુંકમાં જ અર્થાત ચૂંટણી સાથે સંકળાયેલી નથી તેવી કચેરીઓ કદાચ સ્થળાંતરની કાર્યવાહી હાથ ધરે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટરશ્રીએ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને પણ જણાવ્યું છે કે જે કચેરીઓને જગ્યાની ફાળવણી કરવામાં આવી છે તે જો આ એક સપ્તાહમાં કબ્જો મેળવવાની કાર્યવાહી ના કરે તો તેમને રિપોર્ટ કરવો જેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

જિલ્લા કલેક્ટરશ્રીએ કચેરીના વડાઓને તેમના ઉદાસીન વલણ અંગે પણ આકરી ટકોરો કરી હતી તેમજ ઝડપથી સ્થળાંતરની કાર્યવાહી કરી ૧લી મે સુધીમાં આ નવી કચેરીઓ કાર્યરત થાય તે જોવા જણાવ્યું છે.

# આજે ભરૂચથી ગાંધીનગર ૨૦૦ ઈવીએમ આવી પહોંચશે

## જિલ્લાના અધિકારીઓ ભરૂચ પહોંચી અને ઈવીએમ લઈ રવાના પણ થઈ ગયા છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા માટે ૨૦૦ જેટલા ઈ.વી.એમ. આજે મોડી રાત્રે ભરૂચથી આવી રહ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આમ તો ૧૧૬૧ મતદાન બુથો નિયત કરવામાં આવ્યા છે. મતદાર યાદી સુધારણા ઝુંબેશને મળેલા સારા પ્રતિસાદ પછી પાંચ જેટલા ઓકઝીલરી મતદાન મથક બનાવવા પડે તેવી શકયતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૧૨૦૦ જેટલા ઈ.વી.એમ. ઉપલબ્ધ છે પણ મતદાન મથકોની સંખ્યા જોતાં થોડાક વધુ ઈવીએમ રાખવા જરુરી જણાતાં જિલ્લા તંત્રએ ચૂંટણી પંચમાં રજુઆત કરી હતી. નોટાનો પણ પ્રથમવાર ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે નિદર્શન માટે પણ મશીનોની જરૂર પડે તેમ છે.

ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણા ઝુંબેશના પ્રતિસાદ તેમજ જિલ્લા તંત્રની રજુઆતને ધ્યાને લઈ ૨૦૦ જેટલા ઈ.વી.એમ. તાકીદે ભરૂચ જિલ્લા ચૂંટણી અધકારીને જણાવતાં આજે તંત્રના અધિકારીઓ ભરૂચ પહોંચ્યા છે.

મળતા અહેવાલો પ્રમાણે આજે મોડી રાત સુધીમાં આ ૨૦૦ ઈ.વી.એમ. ગાંધીનગર કલેકટર કચેરીને મળી જશે. આ પછી તેનું ઈન્સ્પેકશન કરી અને મરામતની જરૂરીયાત જણાશે તો તે કરી તેને સેઈફ કરી લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાંથી અગાઉ ઈવીએમ બિહાર અને કર્ણાટકની ચૂંટણી માટે પણ મોકલવામાં આવ્યા હતા. પરંતુ હવે ગાંધીનગર જિલ્લાને જ જરૂરિયાત ઉભી થતાં ભરૂચથી ઈ.વી.એમ. ગાંધીનગર આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા કલેકરશ્રીએ ઈ.વી.એમ મેનેજમેન્ટ માટે ખાસ નોડલ અધિકારીની નિમણુંક કરી અને કર્મચારીઓની ટીમ બનાવી છે આ ટીમ આજે સવારે ભરૂચ પહોંચી ગઈ હતી અને મશીન મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી.



કુદરતી ફ્રીઝ - ઉનાળાના આગમનના પગલે માટલા બજાર પણ તેજીમાં આવ્યું છે... પરંપરાગત માટલીનું પાણી પીવાનું આરોગ્ય માટે હિતકારક છે... ખાસ કરીને ઉનાળામાં ઠંડા પાણી માટે માટલાનો વપરાશ ઘરે ઘરે જોવા મળે છે... આમ તો ગરીબોનું ફ્રીઝ ગણાય છે, મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ છે... અને તરસ્યા માનવી માટે સાગરનું સ્વરૂપ છે... *(તસવીર : દિપક જાની)*

## NEWS બિટસ

***● ઈમરાન મસુદની પત્નિને ટીકીટ આપવા વિચારણા***

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે



વાંધાજનક ટીપ્પણીઓ કરનાર સહારનપુરના કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન મસુદને ૧૪ દિવસની જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી અપાયા છે. કોંગ્રેસ હવે તેની પત્નિને ટીકીટ આપવાની વેતરણમાં છે. રાહુલ ગાંધીએ આજે સહારનપુરમાં સભા યોજી મસુદનો બચાવ કર્યો હતો અને તેની પત્નિને ટીકીટ આપવાની વિચારણા કરી હતી.

***● સિંધુ જેટલીનો પ્રચાર નહિ કરે***

અમૃતસરની બેઠક પર ચૂંટણી લડી રહેલ ભાજપના



વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા અરૂણ જેટલીના પ્રચારમાં જાણિતા ક્રિકેટર અને પૂર્વ સાંસદ નવજ્યોતસિંગ સિદ્ધુ નહી જોડાય. અરૂણ જેટલીને અમૃતસરમાંથી ટીકીટ આપવામાં આવી છે. જ્યાંથી અગાઉ સિદ્ધુ સાંસદ રહી ચુક્યા છે. સિદ્ધુએ અમૃતસરની ટીકીટ માંગી હતી પરંતુ તેમના સ્થાને જેટલીને ટીકીટ અપાઈ છે.

***● ભાજપનો ચૂંટણી ઢંઢેરો ૩૧મીએ જાહેર***

કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર થયા બાદ હવે સૌની નજર ભાજપ ઉપર કેન્દ્રીત થઈ છે. ભાજપ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરવા માટે શુભ દિવસની રાહ જોઈ રહ્યુ છે. સોમવારથી ચૈત્રી નવરાત્રી શરૂ થઈ રહી છે તેથી ભાજપની તૈયારી છે કે ૩૧મી માર્ચના રોજ ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવે. કોંગ્રેસે જે બાબતો છોડી છે કે જે બાબતોને મહત્વ નથી આપ્યુ ભાજપ તેને આગળ કરશે.

***● અડવાણીથી સંઘ ભારે નારાજ***

ટીકીટની વહેંચણીને લઈને થયેલા વિવાદ બાદ સંઘ ભાજપના વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણીથી ભારે નારાજ છે. સંઘના વડા ભાગવતે પોતાની આ નારાજગી જાહેર મંચ ઉપરથી



પણ દર્શાવી છે. તાજેતરમાં એક સમારોહમાં અડવાણી અને મોહન ભાગવત બંને હાજર હતા. પરંતુ તેમણે કોઈ વાતચીત કરી ન હતી.



ગાંધીનગર લોકસભા બેઠક પરથી મેદાનમાં ઉતરેલા અડવાણીના પ્રચાર માટે અમિત શાહે રેલી યોજી હતી.

# આવતીકાલથી નરેન્દ્ર મોદી નવ દિવસ સુધી આરાધના કરશે

અમદાવાદ,તા. ૨૯

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સોમવારથી માત્ર લીંબુ જ્યુસ ઉપર રહેશે. નરેન્દ્ર મોદી માતાજીના શ્રદ્ધાળુ તરીકે છે અને દર વર્ષે બે વખત માતા શક્તિની પૂજા કરે છે. ઉપવાસ દ્વારા નવરાત્રીની પૂજા કરે છે. નવ દિવસ સુધી મોદી ઉપવાસ રાખે છે. ૩૧મી માર્ચથી ચૈત્રી નવરાત્રીની શરૂઆત થઈ રહી છે ત્યારે નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીને લઈને અતિ ભરચક કાર્યક્રમ હોવા છતાં ઉપવાસ કરવાની તેમની પરંપરાને જાળવી રાખશે. નરેન્દ્ર મોદી પોતે માતા શક્તિના શ્રદ્ધાળુ છે અને તાજેતરમાં જ માતા વૈષ્ણોદેવી ખાતે દર્શન કરીને ભારત વિજય રેલીની શરૂઆત કરી હતી. મોદીએ તેમના પુસ્તકમાં પણ આ મુજબની કબૂલાત કરી છે કે, તેઓ માતાજીના મોટા શ્રદ્ધાળુ તરીકે છે. મોદી ચૂંટણી પ્રચારને લઈને ખુબ જ વ્યસ્ત બનેલા છે ત્યારે મોદી નવ દિવસના ગાળામાં ખુબ જ વજન ઉતારી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદીનું આ ગાળામાં ખુબ વજન ઉતરે છે. રક્તદાનની ઝુંબેશ દરમિયાન સત્તાવારરીતે વજન કરાયું ત્યારે મોદીનું વજન ૯૫ કિલોગ્રામની

● અનુસંધાન પાન-૭ પર

# મોદીની સામે સીધી લડતની રાહ જોઈ રહ્યા હતા : મિસ્ત્રી

અમદાવાદ, તા.૨૯

એઆઈસીસીના મહામંત્રી અને વડોદરા બેઠકના લોકસભાના ઉમેદવાર મધુસુદન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, ઘણા સમયથી ગુજરાતના મુખ્યમંત્રી સામે આવી સીધી લડતની રાહ જોઈ રહ્યા હતા. હું સતત તેમની સામે બોલતો રહ્યો જ છું. પરંતુ તેમની સામે આવી સીધી લડતની મને આ તક મળી છે તેનાથી મને આનંદ છે.



મુખ્યમંત્રીએ દલિત યુવાનની સીટ કાપવાની વાત બિહાર અને દિલ્હીમાં કરી તે અંગે મારે કહેવાનું કે, તેઓ જે સર્વોચ્ચ પદે પહોંચવા માંગે છે. તે માટે ભાવના ભડકાવવાનું, પોતાના માટે મત મેળવવાનું, જ્ઞાતિવાદી રાજકારણ રમી રહ્યા છે. દેશના સર્વોચ્ચ પદે પહોંચવા માટે વ્યક્તિ કોમનો ઉલ્લેખ કરીને મત મેળવવાની પેરવી કરે તેને હું ભારોભાર વખોડી કાઢું છું. એ જ પ્રમાણે કોઈને પાકિસ્તાન એજન્ટ કહેવા કે વારંવાર શહેજાદા શબ્દનો ઉપયોગ કરવો એ બાબત મગજમાં છુપાયેલી કોમવાદી તીરાડ છતી કરે છે .

# રાજ્યમાં ગરમીમાં દિનપ્રતિદિન વૃદ્ધિ

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ સહિત ગુજરાતમાં હવે ગરમીની શરૂઆત થઈ ચુકી છે. બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગરમીની શરૂઆત થવાની સાથે જ ઠંડાપીણા અને અન્ય ઠંડકવાળી ચીજોવસ્તુઓની બોલબાલા દેખાઈ રહી છે. આ વખતે ગરમીને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ નવા એકશન પ્લાનને અમલી બનાવવાની તૈયારી કરી લીધી છે જેના ભાગરુપે જરૂરી માહિતી હિટ વેવના સંદર્ભમાં આપવામાં આવશે. અમદાવાદ સહિત મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં હવે વધારો થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૨૧.૨ ડિગ્રી થઈ ગયું હતું જ્યારે ડિસામાં ૨૦.૭ અને ગાંધીનગરમાં ૨૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં હજુ પણ ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. નલિયામાં ૧૯.૮ ડિગ્રી જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.


**ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે**

૨૦૦ વારનું ફુલ્લી ફર્નિચર સાથે સારી લોકાલિટી, પેથાપુર-ગાંધીનગર મેન રોડથી ૧૦૦ મીટરના અંતર, મહાદેવ મંદિરની બાજુમાં

મો. : ૯૭૧૪૧૦૯૧૦૮

**જોઈએ છે**

• LED TV • LCD TV • Colour TV

જુના બંધ હાલતમાં

શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**LED, LCD & Colour TV રીપેરીંગ**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧




